SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 51. ઉત્તર ગુજરાતના વિધિ-વિધાનો અને પરંપરાઓ

*ચૌધરી રાજકુમાર બી.,*

**પ્રસ્તાવના**

ગુજરાતમાં આનર્ત, સુરાષ્ટ્ર, લાટ અને તેની દક્ષિણે અપરાન્ત સુધીના પ્રદેશનો સમાવેશ થતો હતો. ભારતની પશ્ચિમેથી આથર્વણો અને પશ્ચિમોત્તર દિશામાંથી શર્યાતો અહીં આવ્યા ત્યારે સંભવતઃ વૈદિક ધર્મમાં છુટાંછવાયા કેન્દ્રો ઉત્તર ગુજરાત લાટ અને નર્મદા તટ તથા કચ્છ સૌરાષ્ટ્રમાં હતાં. શર્યાતિએ તેના પુત્ર આનર્તને આ પ્રદેશનું રાજ્ય સોંપ્યું ત્યારથી આ પ્રદેશ આનર્ત નામે જાણીતો થયો. વેદના ઋષિ શાકલ્ય પણ અહીં થયાનું મનાય છે. ચ્યવન, ભાર્ગવ આ પ્રદેશમાં હતા. અપરાન્તમાં રામ જામદગન્યનો આશ્રમ હતો. અને માહિષ્મતીના હૈહયો સાથે એમનાં યુદ્ધો થયાં એ બધી વિગતો પુરાણોમાં છે. એટલે કે તે સમયમાં આ પ્રદેશોમાં વૈદિક કર્મકાંડપરક અને ઔપનિષદ તત્વજ્ઞાન પરક ધર્મ પ્રવર્તતો હતો.

મહાભારતકાળમાં શ્રીકૃષ્ણ યાદવોને મથુરામાંથી લઈ સુરાષ્ટ્રમાં દ્વારકામાં આવી વસ્યા તે સમયે આ વૈદિક ધર્મ મોટે ભાગે સ્થિર થયો હતો. પુરાણોત્તર કાળમાં અહીં વેદ ધર્મમાંથી વિકસેલા સ્માર્ત અને ભાગવત્ સંપ્રદાયો પ્રવર્તતા હતા. ગુજરાતના અનેક સ્થળોએ થયેલાં પુરાતત્વીય ઉત્ખનનોમાંથી હડપ્પા સંસ્કૃતિના અવશેષો પ્રાપ્ત થયા છે. બૌદ્ધ અને જૈન સંપ્રદાયો બે હજાર વર્ષ પૂર્વે આ પ્રદેશમાં પ્રવેશી ચૂક્યા હતા. આમ, આ પ્રદેશની ધાર્મિક પરંપરા છેક વૈદિક સમયથી આરંભાયેલી માલુમ પડે છે.

પુરાણોથી આરંભી મધ્યયુગીન ઉત્કીર્ણ લેખો અને શાસનપત્રોમાં વૈદિક અગ્નિહોત્રાદિ યજ્ઞોના ઉલ્લેખો મળે છે. અગ્નિહોત્રાદિ યજ્ઞોની પ્રવૃત્તિ માટે કર્મકાંડી બ્રાહ્મણોને શાસકોએ ભૂમિ, ગામ વગેરેનાં દાન કર્યાનું જણાય છે, પણ કર્મકાંડપરક ધર્મ ધીમે ધીમે થોડાક બ્રાહ્મણો પૂરતો મર્યાદિત થઈ ગયો છે. ઔપનિષદ અધ્યાત્મ ચિંતનનું સ્થાન સામાન્ય કર્મકાંડ અને ભક્તિમાર્ગના પ્રચારને લીધે બહુ ઓછું થતું ગયું છે. આમ છતાં વેદોની સંહિતાઓ તથા બ્રાહ્મણગ્રંથો અને સૂત્રગ્રંથોની બહુમૂલ્ય હસ્તલિખિત પોથીઓ આ પ્રદેશનાં વડનગર, પાટણ, ખંભાત, ભરૂચ, જુનાગઢ, ભાવનગર અને જામનગર જિલ્લાના ગામ પ્રદેશોમાંથી મળી છે તે વૈદિક ધર્મ પ્રચલિત હોવાનો પુરાવો છે.

વૈદિક ધર્મમાંથી વિકસેલા ભાગવત્, સૌર, શાકવ, ગાણપત્ય આદિ સંપ્રદાયો ગુજરાતમાં સર્વત્ર પ્રચલિત હતા. વૈદિક દેવોના નવા અવતાર સમા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, શિવ, શક્તિ, સૂર્ય આદિ દેવોની ભક્તિ આ પ્રદેશમાં સ્વીકારાઈ હતી, પણ બ્રહ્માની પૂજા સંપ્રદાય તરીકે સ્થિર ન થઈ શકી. આમ છતાં બ્રહ્માનાં મંદિરો અને મૂર્તિઓ ગુજરાતમાં ઉપલબ્ધ થયા છે. સાબરકાંઠાના ખેડબ્રહ્મા, ખંભાત પાસે નગરા, બનાસકાંઠાના થરાદ તાલુકાના કરુરા ગામમાં તથા સિદ્ધપુર પાસે કાંબળી ગામમાં બ્રહ્માનાં મંદિરો છે. ખંભાત પાસે નગરા ગામના ઉત્ખનનમાં બ્રહ્માની ચતુર્મુખ મૂર્તિ મળી આવી છે. વડનગરના શર્મિષ્ઠા તળાવના કિનારે બ્રહ્મા સાવિત્રીનું મંદિર છે. અનેક જૂના મંદિરોની બાહ્ય મેખલાઓમાં બ્રહ્માસાવિત્રીનું મંદિર છે. મોઢેરામાં ખંડિત સૂર્યમંદિર છે, તેના ગર્ભગૃહમાં મુખ્ય મૂર્તિ નથી,પણ બહારના ભાગમાં સૂર્યનાં સ્વરૂપો કોતરાયેલાં છે.

સાંપ્રત સમયમાં પ્રવર્તમાન શૈવ સંપ્રદાય સૌમ્ય પ્રકારનો છે. ક્ષત્રપ અને તે પૂર્વે પણ શિવના પશુપત, કાપાલિક અને લકુલીશ સંપ્રદાયો તો ગુજરાતમાં જ જમ્યા હતા. વડોદરા પાસેના કારવણ (કાયાવરોહાણ) ગામને લકુલીશની જન્મભૂમિ કહે છે. હાલ ત્યાં નવું મંદિર થયું છે. નર્મદા, મહી, સાબરમતી અને બીજી નદીઓના કાંઠા ઘણા જુના સમયનાં શૈવ મંદિરો છે. વેરાવળ પાસેનું સોમનાથ તીર્થ ભારતનાં દ્વાદશ જ્યોતિર્લિંગોમાંનું એક છે. ક્ષત્રપો શૈવ હતા. મૈત્રકો પણ શૈવ હતા. તેમના રાજ્યકાળમાં ઉત્તમ કલા કારીગરીવાળાં શૈવ મંદિરોનું નિર્માણ થયું. શામળાજીમાં ઉત્ખનનમાં આખું શિવ મંદિર મળ્યું છે. ગુજરાતનું પ્રાયઃ કોઈ ગામ એવું નહીં હોય જ્યાં શિવમંદિર ન હોય. સિદ્ધપુરમાં મૂળરાજ

સોલંકીએ બંધાવેલા રુદ્રામહાલયના ભગવાનના અવશેષો છે. જૂનાગઢનું ભવનાથ મંદિર અને દ્વારકા પાસેનું નાગનાથ શિવાલય વિશિષ્ટ ધાર્મિક મહિમા ધરાવે છે.

ગુજરાતીઓને તીર્થયાત્રા અને પ્રવાસ બહુ પ્રિય છે. કોઈપણ વેકેશનમાં દેશના બધા જ ભાગોમાં આવેલાં તીર્થસ્થાનો અને પ્રવાસધામોમાં ગુજરાતીઓ જોવા મળે છે. ગુજરાતીમાં પણ ઠેર ઠેર આવેલાં તીર્થધામોમાં શ્રદ્ધાળુઓ અવારનવાર અને ખાસ કરીને પર્વ, ઉત્સવ કે મેળા વખતે મોટી સંખ્યામાં ઉમટે છે. અંબાજી (બનાસકાંઠા)ઃ શક્તિ સંપ્રદાયનું ગુજરાતનું સૌથી મોટું અને પ્રાચીન તીર્થધામ છે. અહીં મળી આવેલા પંદરમી સદીના શિલાલેખો દર્શાવે છે કે આ સ્થળ પ્રાચીન હશે. અંબાજી ગામની મધ્યમાં આવેલ આરાસુરી અંબાના ભવ્ય મંદિરમાં માતાજીની પ્રતિમાને બદલે વિશોયંત્રની પ્રતિષ્ઠા થયેલી છે. જેના દર્શનાર્થે દરરોજ સેકડો યાત્રાળુ આવે છે. આ મંદિરની આજુબાજુ શ્રી ગણેશ, વારાહી, કોટેશ્વર મહાદેવ, વાલ્મીકેશ્વર વગેરે પ્રાચીન મંદિરો છે. અંબાજી મંદિરની સામે ઊંચી ટેકરી પર ગબ્બરમાં અંબાજી માતાના પગલા છે. આસો અને ચૈત્ર માસની નવરાત્રીમાં તેમજ ભાદરવાની પૂનમે અહીં મોટો મેળો યોજાય છે. જેમાં હજારો ભક્તોના પગપાળા સંઘો ભાગ લે છે. તે ૧૯૯૪માં પૂરું થયું છે. અંબાજી પાસે કુંભારિયાનાં પાંચ સુંદર જૈન દેરાસરો છે, નજીકમાં આવેલ કોટેશ્વરની જગ્યાએ સરસ્વતીનો પ્રવાહ પહાડમાંથી બહાર આવતો હોઈ તો યાત્રાળુઓ અહીં સ્નાન માટે આવે છે.

બહુચરાજી (મહેસાણા) ઉત્તર ગુજરાતના ચુંવાળ પ્રદેશમાં આવેલા આ સ્થળ શ્રી બહુચર માતાના પ્રાચીન મંદિરને કારણે પ્રસિદ્ધ છે. અહીં એક વિશાળ સંકુલમાં ત્રણ ભવ્ય મંદિરો છે. જેમાં પહેલું મંદિર ૧૧૫૨માં બંધાયેલું સૌથી પ્રાચીન મનાય છે. મધ્યે આવેલું મંદિર મરાઠા કારમાં અને ત્રીજું જે મુખ્ય ગણાય છે તે ત્યારબાદ ૧૭૮૧-૯૧ દરમિયાન માનાજીરાવ ગાયકવાડે બંધાવેલું છે. આ દરમિયાન મંદિરના અંદરના ગોખમાં યંત્ર સ્થાપિત કરેલ છે. જેની પૂજા આરતી થાય છે, તેના દર્શન તથા બાળકોના ક્ષૌરકર્મ માટે અને સંતાન પ્રાપ્તિની માનતા અર્થે સેંકડો શ્રદ્ધાળુઓ દરરોજ આવે છે. ક્ષૌરકર્મ આદિ ક્રિયા મંદિર પાસેના માનસરોવરના સ્થાને થાય છે.

**ઉપસંહાર**

આમ ઉત્તર ગુજરાતમાં વિધિ વિધાનો અને પરંપરાઓનું મહત્વ ખૂબ જ રહ્યું છે. ઉત્તર ગુજરાતમાં મહેસાણા, બનાસકાંઠા, અરવલ્લી, સાબરકાંઠા, પાટણ અને ગાંધીનગર જિલ્લાઓનો સમાવેશ થાય છે. આ બધા જિલ્લાઓની બોલ્યો અલગ પડે છે. તેમના તહેવારો, મેળાઓ,રીતરિવાજો પરંપરાગત ચાલી આવતા હોય એવા છે. અહીંના લોકોમાં લોકગીત ખૂબ જાણીતું છે.